વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની વ્યક્તિલક્ષી યોજનાઓ તથા અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા (આશ્રમશાળા) અને ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોમાં વિકસતી જાતિના દિવ્યાંગ લાભાર્થીઓ માટે ૫% અનામતની જોગવાઇ કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃSJED/PUR/e-file/17/2024/1197/A-1 Section
સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધાઃ-**

(૧) ભારત સરકારના કાયદો અને ન્યાય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલ RPWD ACT, 2016. તા.૨૮/૧૨/૨૦૧૬.

(૨) નિયામકશ્રી, વિ.જા.ક.નો તા.૧૦/૦૬/૨૦૨૪નો પત્ર ક્રમાંકઃવિજાક/વ્ય.યોજના/પરચ-૨/૨૦૨૪-૨૫/૨૩૨

**આમુખઃ-**

ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક-(૧) પરના RPWD ACT, 2016 ની કલમ-૩૭ની જોગવાઇ અન્વયે નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ દ્વારા ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક-(૨) પરના પત્રથી વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગની વ્યક્તિલક્ષી યોજનાઓમાં ફાળવવામાં આવતા વાર્ષિક લક્ષ્યાંક અને જોગવાઇમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે ૫ % અનામત રાખવા તથા Benchmark Disabilities ધરાવતા લાભાર્થીઓને પ્રાથમિકતા આપવા તેમજ તે પૈકી Benchmark Disabilities ધરાવતી મહિલાઓને અગ્રતા આપવા તથા વિકસતી જાતિ હસ્તકની અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા(આશ્રમશાળા) અને ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોમાં વિકસતી જાતિના દિવ્યાંગ બાળકો માટે ૫ % જગ્યાઓ અનામત રાખવા અત્રે દરખાસ્ત કરેલ હતી. જે બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ-**

પુખ્ત વિચારણાના અંતે RPWD ACT,2016 ની કલમ-૩૭ની જોગવાઇ અન્વયે વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની નીચે જણાવ્યા મુજબની વ્યક્તિલક્ષી યોજનાઓમાં ફાળવવામાં આવતા વાર્ષિક લક્ષ્યાંક અને જોગવાઇમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે ૫ % અનામત રાખવા તેમજ Benchmark Disabilities ધરાવતા લાભાર્થીઓને પ્રાથમિકતા આપવા અને તે પૈકી Benchmark Disabilities ધરાવતી મહિલાઓને અગ્રતા આપવા તથા વિકસતી જાતિ હસ્તકની અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા(આશ્રમશાળા) અને ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોમાં વિકસતી જાતિના દિવ્યાંગ બાળકો માટે ૫ % જગ્યાઓ અનામત રાખવાની આથી મંજુરી આપવામાં આવે છે.

(૧) પંડીત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના
(૨) કુંવરબાઇનું મામેરુ યોજના
(૩) સાતફેરા સમુહલગ્ન યોજના
(૪) મફત તબીબી સહાય યોજના
(૫) સ્પર્ધાત્મક પરીક્ષાની પુર્વ તૈયારી માટે તાલીમ લેનાર સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગના તાલીમાર્થીઓને ખાસ પ્રોત્સાહન સહાય
(૬) IIM, CEPT, NIFT, NLU જેવી ALL INDIA લેવલની સ્પર્ધાત્મક પરીક્ષા તેમજ વિદેશ જવા માટે આપવી પડતી IELTS, TOEFL, GRE ની પરીક્ષાની પુર્વ તૈયારી માટે કોચિંગ સહાય
(૭) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તાલીમાર્થી/વિદ્યાર્થી અને વિદ્યાર્થીની બંને તથા આર્થિક રીતે પછાત વર્ગની વિદ્યાર્થીનીને NEET, JEE, GUJCETની પરીક્ષાની પૂર્વતૈયારી માટે કોચિંગ સહાય
(૮) વિચરતી અને વિમુક્ત જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓ માટેની ટેલેન્ટ પુલ યોજના
(૯) વિદેશ અભ્યાસ લોન યોજના
(૧૦) કોમર્શીયલ પાયલોટ તાલીમ લાઇસન્સ લોન યોજના

ઉક્ત યોજનાની અગાઉ ઠરાવવામાં આવેલ અન્ય શરતો તેમજ બોલીઓ યથાવત્ રહેશે.

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 22-Jul-2024 (05:01 PM)

આ હુકમો વિભાગની સમાનાંકી ફાઇલ પર માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ની તા.૧૦/૦૭/૨૦૨૪ના રોજ મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 22-Jul-2024 (05:01 PM)

(કલ્પના રાણા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

નકલ રવાના:-

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧/૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨/૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં-૪/૩જો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.) (નિયામકશ્રી(વિ.જા.ક.) મારફત).
- સેક્શન અધિકારીશ્રી/સર્વે શાખાઓ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ ઉપર મૂકવાની વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ-૨૦૨૪.